Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

卐卐
卐卐

# શ્રી આત્માનંદ પ્રકાશ



*

ગરીબ કોણ ?

જેની પાસે ઓછામાં ઓછું છે તે ગરીબ નથી;
પણ જેને વધારે ને વધારે જોઇએ છે તે ગરીબ છે.

*

માનાર્હ તંત્રી : શ્રી કે. જે. દોશી એમ. એ.
માનાર્હ સહતંત્રી : કુ. પ્રફુલ્લા રસિકલાલ વોરા એમ. એ. એમ. એડ.

પુસ્તક : ૮૭ માગશર આત્મ સંવત ૯૪
ડીસેમ્બર વીર સંવત ૨૫૧૫
અંક : ૨ ૧૯૮૮ વિક્રમ સંવત ૨૦૪૬

卐卐
卐卐

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | જીવનમાં સદ્‌ભાવનું વાવેતર | ડૉ. ચીનુભાઈ નાયક | ૨૧ |
| (૨) | સાધનાનું નંદનવન સ્વાધ્યાય | પ્રવચનકાર પૂ. આ. વિજયવલ્લભસૂરિજી<br>અનુવાદક : ડૉ. કુમારપાળ દેસાઇ | ૨૩ |
| (૩) | મૌન એકાદશી | લે. મનસુખલાલ તારાચંદ મહેતા | ૨૮ |
| (૪) | મન | લે. રતિલાલ માણેકચંદ શાહ | ૩૨ |
| (૫) | કુરબાનીની એક અનોખી કથા | — મુનિશ્રી વાત્સલ્યદીપ | ૩૪ |


## સમાલોચના

**(૧) જિનદેવ દર્શન :** લેખક : શ્રી મોહનલાલ દલીચંદ દેસાઈ સંપાદક : શ્રી કાન્તિભાઇ બી. શાહ, પ્રકાશક : શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ઓગસ્ટ ક્રાન્તિ માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૩૬. કિંમત રૂા. ૧૨.

આ પુસ્તકની આ ત્રીજી આવૃત્તિ છે. પૂ. પં. શ્રી શીલચંદ્રવિજયજીએ "ગાગરમાં સાગર" એ નામથી તેમાં આમુખ લખી આપેલ છે. આમુખનું આ શીર્ષક જ પુસ્તકની ઉપયોગીતા અને મહત્તા સમજાવે છે. આ પુસ્તકમાં સાચી રીતે 'જિનભક્તિ' કરવા ઇચ્છનારે શું શું જાણવું જોઇએ તે બંધુજ સરળ ભાષામાં શાસ્ત્રોક્ત રીતે આપવામાં આવ્યું છે. "જિનદેવદર્શન" અને ભક્તિના પૂરેપૂરા લાભ લેવા માટે દરેક જૈને અને પૂ. સાધુ-સાધ્વીજી મહારાજોએ વાંચવું જ જોઇએ. શ્રી મહાવીર જૈન વિદ્યાલયનું આ કાર્ય ખૂબ પ્રશંસનીય છે.

**(૨) સર્વજ્ઞ જેવા સૂરિદેવ :** લેખક : પૂજ્ય આચાર્યશ્રી વિજયભદ્રગુપ્તસૂરિજી (શ્રી પ્રિયદર્શન) મૂલ્ય રૂા. ૧૫-૦૦ પ્રકાશક : શ્રી વિશ્વ કલ્યાણ પ્રકાશન ટ્રસ્ટ મહેસાણા ઉ. ગુ. પીન. ૩૮૪ ૦૦૨.

આ પુસ્તકમાં વિદ્વાન આચાર્યશ્રીએ રોચક શૈલીમાં પૂ. આચાર્યશ્રી હેમચન્દ્રાચાર્યજીના જીવન વિષે ઘણી બાબતો રજુ કરી છે. આ પુસ્તકમાં પૂ. હેમચન્દ્રાચાર્ય અને કુમારપાળના જીવનની ઘણી ઐતિહાસિક બાબતો તથા તેમના કાર્ય અંગે ઘણી અગત્યની માહિતી પૂરી પાડી છે. આ પુસ્તક દરેક જૈને અચૂક વાંચવું જોઇએ. પુસ્તકનું છાપકામ મુખપૃષ્ઠ વગેરે ઘણાજ આકર્ષક છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ

માનદ્ તંત્રી : શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ.

માનદ્ સહતંત્રી : કુ. પ્રફુલ્લા રસિકલાલ વોરા એમ.એ.; એમ.એડ.

વર્ષ : ૮૭ ] વિ. સં. : ૨૦૪૬ : માગસર–ડીસેમ્બર–'૮૯ [ અંક : ૨


# જીવનમાં સદ્‌ભાવનું પાપેતર

—ડૉ. ચીનુભાઈ નાયક

આજના આપણા સામાજીક જીવનની મોટી સમસ્યા તે પરસ્પરના આદર અને સદ્‌ભાવના અભાવની છે. વિજ્ઞાન અને યંત્ર ઉદ્યોગોની પાછળ ઘેલો બનેલો માનવી પોતાનામાં જ રાચતો રહ્યો છે અને સ્વકેન્દ્રી બન્યો છે. તેના વર્તનમાં એક પ્રકારનું તોછડાપણું પ્રવેશેલું જોવા મળે છે. તેની આર્થિક ક્ષમતા અને સમૃદ્ધિમાં વધારો થવાને કારણે તેનો અહમ્‌નો રણકો વધ્યો છે. તેનામાં રહેલી સુજનતાનો લોપ થઇ ગયો છે. એની સ્વાર્થવૃત્તિમાં રોજ વધારો થતો રહે છે. જેના પરિણામે સમાજ અને રાષ્ટ્ર પ્રત્યેની ભાવનાઓમાં તેનામાં ભારે ઓટ આવેલી જણાય છે. 'વર મરો કે કન્યા મરો પણ ગોરનું તરભાણું ભરો' એવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. કમનસીબી એ છે કે આજનો માનવી સમાજ અને રાષ્ટ્ર સાથે તો પરાયો બન્યો છે! તેનામાં રહેલો 'માણસ' મરી પરવાર્યો છે. આવનારી એકવીસમી સદીમાં જો આપણે માણસની પ્રતિષ્ઠા નહીં વધારીએ તો આપણો સમાજ અને સંસ્કૃતિનો વિનાશ હાથે કરીને નોતરીશું.

આજે આપણા મનને બે પ્રકારના ભય ડરાવી રહ્યા છે. એક અણુશસ્ત્રો દ્વારા સર્વનાશનો અને બીજો માણસાઇ મરી પરવાર્યાનો. આ બે પ્રકારના ભય પૈકી પહેલો ભય તો નિવારી શકાય પરંતુ બીજો ભય નિવારવા માટે આપણે ઘણું પરિવર્તન લાવવું પડે. માણસને સાચો માણસ બનાવવાની પ્રક્રિયા ઘણી અઘરી છે. આ માટે તેને સતત ટોકવો પડે છે. કોઇ બીજી જીવ સૃષ્ટિને કહેવામાં નથી આવ્યું કે તું જે છે તે થા. દાખલા તરીકે હાથીને એમ કહેવામાં નથી આવતું કે તું હાથી થા. અથવા કૂતરાને એમ નથી કહેવામાં આવતું કે તું કૂતરો થા. પરંતુ માણસને સતત ટોકવામાં આવે છે કે તું માણસ થા. આનું કારણ એ છે કે માણસમાં રહેલી પશુવૃત્તિ વખતો વખત વિચાર અને વર્તનમાં બહાર નીકળી આવે છે અને માણસ પોતે માણસ મટી હેવાન બની જાય છે. કયારેક આપણાં વર્તન વિશે સ્વસ્થ ચિત્તે અને તટસ્થ ભાવે વિચાર કરતાં જણાશે કે આપણે પશુ કરતાં પણ પામર બન્યા છીએ. આપણે આપણી જાતને સભ્ય કે સંસ્કારી કહેવડાવાને લાયક છીએ ખરા?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આજની આપણી સમસ્યાઓના મૂળમાં સદ્‌ભાવ અને સદ્‌વર્તનના શિક્ષણનો અભાવ છે. આ પ્રકારનું શિક્ષણ કુટુંબમાં અને શિક્ષણ સંસ્થાઓમાં જે પ્રકારે અપાવું જોઈએ તે પ્રકારે અપાતું નથી. સંયુક્ત કુટુંબ પરંપરા પણ બદલાતા સામાજિક અને નૈતિક મૂલ્યો સાથે તૂટતી આવે છે અને કુટુંબથી છૂટા પડેલાં યુવાન દંપતીઓ પોતાના સંતાનોને બોજો ગણે છે. બોજા રૂપ બનેલાં સંતાનોને નિશાળોમાં અને શાળા મહાશાળાઓમાં ધકેલી દેવામાં આવે છે. સંતાનોને ભણાવવાની રુચિ હોય કે ન હોય પરંતુ માતાપિતાના હઠાગ્રહને વશ થઈને પોતાની મરજી વિરૂદ્ધ ભણવું પડે છે. શાળાઓ અને મહાશાળાઓ આવા ઇચ્છા વિરુદ્ધ ભણનારા વિદ્યાર્થીઓથી ઊભરાય છે. ભણનારાઓની સંખ્યા ઘણી વધતી જાય છે પરંતુ ગુણવત્તા ઘટતી જાય છે એની કોઇનેય પડી નથી. આપણી આધુનિક શિક્ષણ પદ્ધતિએ ઈજનેરો, ડોકટરો, વૈજ્ઞાનિકો અને યંત્ર સંચાલિત નિષ્ણાતો પેદા કર્યા છે પરંતુ 'માણસ' પેદા કર્યા નથી એ એની મુખ્ય ખામી છે. પ્લાસ્ટિકની ફેકટરીમાંથી જેમ હજારોની સંખ્યામાં રમકડાં બહાર પડે છે, તેમ આપણા દેશની યુનિવર્સિટીઓમાંથી દર વર્ષે હજારો ગ્રેજ્યુએટો બહાર પડે છે અને શિક્ષિત બેકારોની સંખ્યામાં ઉમેરો થતો રહે છે, આ ગ્રેજ્યુએટોને ખુરશીમાં બેસીને 'સાહેબ' બનવું છે. પરંતુ પરિશ્રમ કર્યા વિના પારિશ્રમિક એટલે કે મહેનતાણું લેવાની વૃત્તિ વધતી જાય છે. "કમ કામ જયાદા દામ" એ આજના નોકરિયાતોનું સૂત્ર છે. સમાજ કે રાષ્ટ્ર પ્રત્યે આપણી કોઇ જવાબદારી ન હોય એ રીતે આપણે વર્તન કરીએ છીએ. કહેવાતી લોકશાહી સમાજ રચનામાં આપણા પોતાના દેશબાંધવો પ્રત્યેની આટલી બધી નઘરોળ બેદરકારી ઇતિહાસમાં કયાંય જોવા મળતી નથી. આપણે હકકો માગીએ છીએ પરંતુ જવાબદારીમાંથી છૂટી જવાની અનેક તરકીબો કરીએ છીએ.

જીવનની આ પ્રકારની અવ્યવસ્થામાંથી બહાર આવવાના ઉપાયો નહીં વિચારીએ તો આપણે આપણો સર્વનાશ આપણા હાથે જ નોતરીશું. શિક્ષણ દ્વારા મનુષ્યમાં સદ્‌ભાવ અને માનવતાનું વાવેતર કર્યા વિના આ વિકટ પરિસ્થિતિમાંથી બહાર આવવાનો કોઇ માર્ગ દેખાતો નથી. મોડું થાય એ પહેલાં સવેળા જાગવાનો સમય પાકી ગયો છે.

'જીવન સાધના'માંથી સાભાર.



## —o— યાત્રા પ્રવાસ —o—

શ્રી જૈન આત્માનંદ સભા તરફથી સંવત ૨૦૪૬ ના કારતક વદ તેરસને રવિવારે. તારીખ ૨૬-૧૧-૮૯ ના રોજ શ્રી તળાજા તીર્થ ઉપર યાત્રા કરવા ગયા હતા. સ્નાત્રપૂજા ભણાવવામાં આવી હતી. સવાર-સાંજ ગુરુભક્તિ તેમજ આવેલ સભ્યોની સ્વામીભક્તિ કરવામાં આવી હતી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 卐 સાધનાનું નંદનવન સ્વાધ્યાય 卐

-૦- પ્રવચનકાર -૦-

પૂ૦ આ૦ વિજયવલ્લભસૂરિજી

-૦- અનુવાદક -૦-

ડૉ૦ કુમારપાળ દેસાઈ

[ યુગદર્શી આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મ૦ સા૦ ના સ્વાધ્યાય વિશેના વિચારો આ લેખમાં આલેખાયેલા છે. સ્વાધ્યાયરૂપી નંદનવનમાં પ્રવેશ કરીએ તો જ ગ્રંથ કે શાસ્ત્રરૂપી વૃક્ષોની છાયા મળે. ગૃહસ્થ અને સાધુ–સાધ્વી માટે સ્વાધ્યાયની જરૂરિયાત પર ભાર મૂકતો આ લેખ અનેક દષ્ટાંતો સાથે આવા ગહન વિષયને પ્રાસાદિક રીતે સમજાવે છે. ]

કોઇ વિશાળ ભવનમાં પ્રવેશવું હોય તો તમે કયાંથી પ્રવેશશો ? જો એની દિવાલ પરથી ચડીને અંદર જવા પ્રયાસ કરશો તો કાં જમીન પર પછડાશો કાં ઇજા પામશો. એવું પણ બને કે મકાન માલિક તમને ગેરકાયદે પ્રવેશ કરવા માટે પોલીસને હવાલે કરી દે કોઇ પણ ભવનમાં પ્રવેશવા માટે એના મુખ્ય દરવાજેથી પ્રવેશવું જોઇએ. જો તમારે જ્ઞાનમંદિરમાં પ્રવેશ કરવો હોય તો એનું મુખ્ય દ્વાર શોધો. એમનું મુખ્ય દ્વાર છે સ્વાધ્યાય. આભ્યંતર તપનો ચોથો પ્રકાર છે સ્વાધ્યાય.

જ્ઞાનભવનમાં પ્રવેશ કરવા માટે સ્વાધ્યાય સિવાય બીજો કોઇ માર્ગ નથી. બીજો કોઈ માર્ગ અપનાવશો તો કદીયે સફળતા નહીં મળે. સ્વાધ્યાય વિના એટલે કે વ્યવસ્થિત અધ્યયન વગર કોઇ સહાધ્યાયીની ઉત્તરવહીમાંથી જોઇને એની નકલ કરવા પ્રયાસ કરશો અથવા તો અધ્યાપકને લાંચ-રૂશ્વત આપીને જ્ઞાનભવનમાં પ્રવેશ કરવા ઈચ્છશો તો તેનો એ સાચો પ્રવેશ ગણાશે નહિ. આમ કરવા જતાં ચોરી કરનાર પકડાઇ જાય અથવા તો ખૂબ પૈસા ખર્ચવા છતાં યોગ્યતા પ્રાપ્ત ન થાય. વાતનો સાર એટલો છે કે સ્વાધ્યાયતપ એ જ્ઞાનના ભવનમાં પ્રવેશ કરવાનું મુખ્ય દ્વાર છે.

આજની આપણી કેળવણીમાં પણ ઉચ્ચ જ્ઞાન પ્રાપ્ત કરવા માટે ગંભીર અધ્યયનની જરૂર છે. માત્ર ઉપરછલ્લું જ્ઞાન કે પલ્લવગ્રાહી પાંડિત્ય ચાલે નહીં. અંગ્રેજીમાં અભ્યાસને માટે બે શબ્દ મળે છે. એક લર્નીંગ (Learning) અને બીજો સ્ટડી (Study). સામાન્ય કક્ષાના અભ્યાસને 'લર્નીંગ' કહેવામાં આવે છે, જ્યારે ગંભીરતા સાથે ગહન અને વિશ્લેષણભર્યા અભ્યાસને 'સ્ટડી' કહેવામાં આવે છે. કોઇપણ વિદ્યાશાખાનું ઉચ્ચ જ્ઞાન પ્રાપ્ત કરવા માટે એનો વિશ્લેષણપૂર્વક અભ્યાસ કરવો પડે છે. આ વાત થઇ વ્યવહારિક કેળવણીની. આવી જ રીતે આધ્યાત્મિક જ્ઞાન માટે પણ ગંભીરતા અને વિશ્લેષણ માટે એ વિષયનું ગહન અધ્યયન આવશ્યક છે.

## સ્વાધ્યાયના ત્રણ લાભ

ગંભીરતા અને વિશ્લેષણની સાથે સમ્યક્‌રૂપે અધ્યયન કરવું તેનું નામ છે સ્વાધ્યાય. 'સ્વાધ્યાય' શબ્દ મુખ્યત્વે ત્રણ અક્ષરનો બન્યો છે: સુ +



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અધિ+અય. આમ વ્યાકરણની દૃષ્ટિએ એનો અર્થ થશે સમ્યક્ રીતે અર્થાત્ સુષ્ઠુ રીતે, ચારે બાજુનું (બધી બાબતનો વિશ્લેષણ દૃષ્ટિએ વિચાર કરીને) જે અધ્યયન કે પઠન થાય તે સ્વાધ્યાય છે.

આ સ્વાધ્યાય એટલે શું ? મોટા મોટા શાસ્ત્રો વાંચી લેવા કે જોશભર્યા લાંબા વ્યાખ્યાનો આપવા કે સાંભળવા એ સ્વાધ્યાય નથી. જ્ઞાનના સાગરમાં ડૂબકી લગાવવી એને પણ સ્વાધ્યાય ન કહી શકાય. જ્યાં સુધી વ્યક્તિ આત્મપ્રદેશમાં રમણ કરતી નથી ત્યાં સુધી શાસ્ત્રાભ્યાસ, વ્યાખ્યાન શ્રવણ કે જ્ઞાનની જિજ્ઞાસાથી કશો લાભ થશે નહિ. તેલના કુંડમાં ડૂબકી લગાવીએ તેથી કંઈ શરીર સૌષ્ઠવયુક્ત બની જાય નહી. તેલ શરીર પર બરાબર ઘસીને ચોપડવામાં આવે અને તે શરીરમાં ઉતરે ત્યારે જ એનાથી સૌષ્ઠવ સાંપડે.

પોતાની આસપાસ માત્ર શાસ્ત્રો કે પુસ્તકોની ભીડ ઊભી કરવાથી કશું નહીં થાય. અનેક ગ્રંથો કે કેટલાય શાસ્ત્રો વાંચી નાખવા એનો અર્થ સ્વાધ્યાય નથી. પુષ્કળ વાંચન એ અધ્યયનના ઊંડાણને બદલે ઉપરછલ્લા જ્ઞાનનો સંકેત કરે છે. ચિંતન-મનનપૂર્વક અથવા તો વિશ્લેષણ દૃષ્ટિથી થયેલો થોડો અભ્યાસ પણ અધ્યયનનું ઊંડાણ સૂચવે છે. વધુ પડતું વાંચન પણ ક્યારેક અતિ ભોજન કરનારની જેમ અજીર્ણ રોગને નિમંત્રણ આપે છે. અતિ ભોજન કરનાર ખોરાકને બરાબર ચાવતો નથી. જેથી એના પૌષ્ટિક રસો એને મળતા નથી. પાચનક્રિયા બરાબર થતી નથી. આવી જ રીતે અતિ વાંચન કરવાથી ચિંતન, મનન કે એના પર ગહન વિચાર થતો નથી. આવું જ્ઞાન પચતું નથી. ઊંડાણપૂર્વક કરેલું અધ્યયન એ અધ્યયન કરનારનું પોતાનું બની જાય છે. એમાંથી મળેલા વિચારો, ભાવનાઓ અને વિભાવનાઓ આત્મસાત્ કરી શકે છે.

સ્વાધ્યાયનો ઉદ્દેશ વાણીની ગાડી પૂરપાટ દોડાવવાનો નથી, બલ્કે ચિંતન કરતા કરતા અને જીવનમાં એ ચિંતન ઉતારતા ઉતારતા આગળ વધવાનો છે. પ્રતિષ્ઠા મેળવવા અથવા તો નિર્જરા કે પુણ્યની પ્રાપ્તિ માટે કોઈ ઝડપથી શાસ્ત્ર કે ધર્મગ્રંથ વાંચી લે એવો સ્વાધ્યાયનો ઉદ્દેશ નથી. સ્વાધ્યાય-તપ એ અહંકાર પોષક નથી. અહંકારના પોષણથી સ્વાધ્યાય-તપ થતું નથી. સ્વાધ્યાયનું સમર્થ સમર્થન કરનારા ભગવાન મહાવીર સ્વામી 'સ્થાનાંગ સૂત્ર ' માં કહે છે—

" जया सुअहिज्झिय भवइ, तया सुज्झाइयं भवइ, जया सुज्झाइयं भवइ तया सुतवस्सियं भवइ । से सुअहिज्झिए, सुज्झाइए, सुतवस्सिए सुयक्खाए भगवया धम्मे पण्णत्ते ।

" સમ્યક્ પ્રકારે અધ્યયન કરવામાં આવે ત્યારે જ સમ્યક્ અધીતનુ સમ્યક્ પ્રકારથી ધ્યાત (ચિંતન) થઈ શકે છે અને સમ્યક્ રીતે ધ્યાત (ચિંતન-મનન) કરવામાં આવે તો જ સમ્યક્ તપ થાય છે. શાસ્ત્રના પ્રતિપાદક ભગવાન મહાવીરે આવી રીતે સમ્યક્ પ્રકારે અધ્યયન કરવામાં આવેલા, સમ્યક્ પ્રકારે ધ્યાન (ચિંતન-મનન) કરવામાં આવેલા અને સમ્યક્ પ્રકારે તપમાં પરિણત થયેલા પદાર્થને ધર્મ કહ્યો છે."

સાચે જ સમ્યક્ પ્રકારે ઊંડાણથી કરેલું અધ્યયન જ તપ બને છે. એ જ કર્મોની નિર્જરાનું કારણ બને છે. અને અંતમાં મોક્ષપ્રાપ્તિ કરાવે છે.

સ્વાધ્યાય માત્ર જ્ઞાનમંદિરમાં પ્રવેશ કરીને થોભી જતું નથી, એના દ્વારા તો પ્રાપ્ત જ્ઞાનની સુરક્ષા થાય છે એટલું જ નહિ પણ એણે મેળવેલા જ્ઞાનમાં વૃદ્ધિ પણ કરે છે. આ રીતે સ્વાધ્યાયના ત્રણ લાભ છે. એક છે જ્ઞાનપ્રાપ્તિ, બીજો છે પ્રાપ્ત જ્ઞાનની સુરક્ષા અને ત્રીજો લાભ છે પ્રાપ્ત જ્ઞાનમાં વૃદ્ધિ.

## દિવસનો અર્ધો સમય સ્વાધ્યાય

સ્વાધ્યાયથી આ ત્રણ બાબતો ત્યારે જ ઉપ-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લબ્ધ થઈ શકે કે જ્યારે સતત અને નિયમિત સ્વાધ્યાય કરવામાં આવતો હોય. કોઈ એક દિવસ સ્વાધ્યાય કરે પછી દસ દિવસ સુધી એ શાસ્ત્ર કે ગ્રંથનું એક પાનું પણ ન વાંચે તો બનશે એવું કે એણે જે કાંઈ જ્ઞાન મેળવ્યું હશે તે વિસ્મૃત થઇ જશે. સતત અને નિયમિત સ્વાધ્યાયનું અધ્યાત્મ યોગી ભગવાન મહાવીરે ખૂબ મહત્ત્વ દર્શાવ્યું છે એમણે કહ્યું છે કે ઉચ્ચ સાધકે પોતાની દિનચર્યાનો અડધો ભાગ સ્વાધ્યાયમાં વીતાવવો જોઇએ.

" पढम-पोरिसीए सज्झायं
बीयं झाणं झियायइ।
तइयाए भिक्खायरियं पुणो
चउत्थी वि सज्झायं।"

"ઉચ્ચ સાધક પ્રથમ પ્રહરમાં સ્વાધ્યાય કરશે. બીજા પ્રહરમાં ધ્યાન કરશે. ત્રીજા પ્રહરમાં ભિક્ષાચરી કરશે અને વળી ચોથા પ્રહરમાં સ્વાધ્યાય કરશે."

સાધકની દિનચર્યાનું આ વિધાન કાળના પ્રભાવને કારણે એના મૂળ રૂપમાં સાધકોમાં પ્રચલિત નથી આમ છતાં સ્વાધ્યાયનું સાતત્ય અને નિયમિતતા, જ્ઞાનપ્રાપ્તિ અને જ્ઞાનસુરક્ષા માટે અત્યંત જરૂરી મનાય છે. શાસ્ત્રો અને ધર્મગ્રંથોનું જ્ઞાન વિશાળ અને અપરિમેય હોય છે. આ માટે સ્વાધ્યાય કરવામાં આવે નહીં તો એ જ્ઞાન શાસ્ત્રો કે ગ્રંથોમાં જ કેદ થઇને રહે છે. એનો અભ્યાસ કરનારના હૃદયમાં એનો પ્રવેશ થતો નથી. આથી બૃહદ્ ભાષ્યકાર કહે છે—

"निउणो खलु सुत्तत्थो, ण हु सक्को अपडिबोधितो जाउं ॥"

"सत्स्वपि फलेषु यद्वन्न ददाति
फलान्यकम्पितो वृक्षः।
तद्वत् सूत्रमपि बुधैरकम्पितं
नार्थवद् भवति ॥"

"સૂત્ર અને એમાંથી પ્રગટ થતો અર્થ ગમે તેટલો ગહન હોય, પરંતુ જ્યાં સુધી એના (સ્વાધ્યાય) દ્વારા એને જાગૃત કરવામાં આવશે નહીં ત્યાં સુધી એમાં પ્રતિપાદિત વિષયનું જ્ઞાન નહીં કરાવી શકે. કોઈ વૃક્ષ પર અગણિત ફળ હોય, પરંતુ એને થોડું હચમચાવીએ તો જ એ ફળ આપે છે એવી જ રીતે શાસ્ત્રો પણ સતત સ્વાધ્યાય દ્વારા હલાવવા–ચલાવવાથી જ જ્ઞાન ફળદાયક બને છે."

પાનવાડીમાં રાખેલા પાનને ફેરવવામાં ન આવે તો એની કઇ સ્થિતિ થાય? એ સડી જાય અને ફેંકી દેવા પડે. ઘોડાને તબેલામાં એક જ જગાએ બાંધીને રાખવામાં આવે તો શું થાય? ઘોડાની ચપળતા અને ઝડપ નાશ પામે. વિદ્યા અને જ્ઞાનની આવી જ દશા આજે છે આથી જ સ્વાધ્યાય દ્વારા જો ગ્રંથોનું સતત અનુશીલન કરવામાં આવે નહીં તો પ્રાપ્ત જ્ઞાન પણ વિસ્મૃત થઇ જશે. એની વિશેષ વૃદ્ધિ થવાની તો વાત જ ક્યાં? આમ સ્વાધ્યાયથી જ્ઞાનપ્રાપ્તિ થાય છે અને વારંવાર નિયમિત સ્વાધ્યાય કરવાથી જ્ઞાનવૃદ્ધિ થાય છે અને પ્રાપ્ત જ્ઞાનની વિસ્મૃતિ થતી નથી. આથી તો ઉપનિષદના ઋષિઓ ગુરુકુળમાં અભ્યાસ કરીને વિદાય લેતાં સ્નાતકોને કહેતા હતા. "स्वाध्यायान्मा प्रमदः" (હે વિદ્યાર્થી! તું સ્વાધ્યાયમાં ક્યારેય પ્રમાદ કરીશ નહીં.)

નિયમિતપણે પ્રતિદિન સ્વાધ્યાય કરવાથી શાસ્ત્ર કે ગ્રંથનું રહસ્ય પામી શકાય છે એના ગહન વાણીનો મર્મ સમજી શકાય છે એમાં રજૂ થયેલા વિચારોની ગરિમા સમજી શકાય છે અને આત્મસાત્ કરી શકાય છે. નિયમિત સ્વાધ્યાય થાય તો જ અધ્યયનનો અર્ક અંતરમાં સ્થાપિત થાય છે.

દૈનિક સ્વાધ્યાયના કેટલાક વિશિષ્ટ લાભની વાત જ અનેરી છે. શાસ્ત્ર કે ગ્રંથમાં ઉલ્લેખિત વિષયમાં નવા નવા અર્થની સ્ફુરણા દૈનિક સ્વાધ્યાય કરવાથી જાગે છે, નવો અર્થ નવો અનુભવ આપે. આ રીતે દૈનિક સ્વાધ્યાયથી નવીન વિચારસૃષ્ટિનો ઉઘાડ થાય છે. વળી દૈનિક સ્વાધ્યાયકર્તા શાસ્ત્રમાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આનંદ લહેરાઈ રહ્યો હતો. સમ્રાટ [illegible] એમને બે હાથ જોડીને વિનંતી કરી, "આપ પધારો અને ધર્માચાર્યનું આસન સુશોભિત કરો"

બૌદ્ધ ભિક્ષુએ હળવા હાસ્ય સાથે કહ્યું, "ભગવાનનો આદેશ અત્યંત સ્પષ્ટ છે. જ્ઞાન આચરણની વસ્તુ છે કેવળ ઉપદેશની નહીં. હવે કોઇ પદ કે પ્રતિષ્ઠાની મારે જરૂર નથી. જે પદની કામનાથી તમારી પાસે આવ્યો હતો તે ધર્માચાર્ય-પદની પણ જરૂર નથી. મને સ્વાધ્યાયથી અદ્‌ભુત સૂત્ર મળી ગયું છે. સૂત્ર છે, "**अप्पदीपोभव**" (આત્માનો દીપક બન) બસ, આ સૂત્ર મળી ગયું અને મને નવી દિશા જડી ગઇ."

આ બૌદ્ધકથાનો નિષ્કર્ષ શું ? બૌદ્ધ ભિક્ષુએ વારંવાર સ્વાધ્યાય કર્યો. અને નવા નવા અર્થ સૂઝયા. નવી દૃષ્ટિ અને નવું ચિંતન સાંપડયું. એવું દર્શન મળ્યું કે જેનાથી એના અંતર દ્વાર ખૂલી ગયા. સતત સ્વાધ્યાય એને માટે આત્મદીપક સમાન બન્યો. જેના પ્રકાશથી એણે પોતાના અંતરનું નિરીક્ષણ–પરીક્ષણ કર્યું.

## જા ત ને જા ણો

સ્વાધ્યાયનો અર્થ માત્ર કોઈ પુસ્તક, ગ્રંથ કે શાસ્ત્ર વાંચવા કે સાંભળવા પૂરતો સીમિત નથી. સ્વાધ્યાયનો અર્થ છે કે પોતાના જીવનના ગ્રંથ, પુસ્તક કે શાસ્ત્રને વાંચવું. '**स्वस्य स्वस्मिन अध्ययनं-स्वाध्यायः**' અર્થાત્ પોતાના જીવન-શાસ્ત્રનું પોતાની અંદર અધ્યયન કરવું એનું નામ સ્વાધ્યાય છે. આ ગ્રંથો કે શાસ્ત્રોમાં વ્યક્તિના પોતાના અંતઃકરણના શાસ્ત્રનું જ પ્રતિબિંબ હોય છે. ગ્રંથો કે શાસ્ત્રોના અધ્યયનને લોકભાષામાં સ્વાધ્યાય કહેવામાં આવે છે, પરંતુ આ તો એનો ગૌણ અર્થ છે.

સ્વાધ્યાયનો મુખ્ય અર્થ તો વ્યક્તિ આત્મ-અધ્યયન કરે તેમ છે. સાધકનું પ્રથમ કર્તવ્ય એ છે કે પોતાની જાતને જાણવી, સમજવી અને વાંચવી. હું કોણ છું ? મારું મૂળ સ્વરૂપ શું છે ? હું કયાંથી આવ્યો છું ? મારે કયાં જવું છે અને અહીં શું કરવાનું છે ? હું શું કરી રહ્યો છું ? મારામાં કષાયાદિ વૃત્તિઓ વધી રહી છે કે ક્ષીણ થઈ રહી છે ? રાગ-દ્વેષની વૃદ્ધિ થાય છે કે હ્રાસ ? શું આ બધા મારા આત્માના ગુણ છે કે માત્ર શરીર સાથે જોડાયેલા દુર્ગુણ છે ? આ પ્રશ્નોનો ઉત્તર સાધક પોતાના અંતરના ઊંડાણમાં પ્રવેશીને મેળ-વવા પ્રયાસ કરે એ જ વાસ્તવમાં સ્વાધ્યાય છે આથી જ તત્ત્વવેત્તાઓ કહે છે. Know Thyself એટલે કે પોતાની જાતને જાણો.

'સ્વ'ના અધ્યયન માટે શાસ્ત્ર કે ગ્રંથોનો અથવા તો પૃચ્છા, શ્રવણ અને પઠનનો આધાર લઈ શકાય. પરિણામે શ્રેષ્ઠ ગ્રંથો અને શાસ્ત્રોના અધ્યયનની સાથોસાથ સાધક આત્મ-અધ્યયન કરે એ જ સ્વાધ્યાય છે. શ્રેષ્ઠ ગ્રંથ કે શાસ્ત્રને વાંચતા સાધક એના જ્ઞાનના પ્રકાશમાં વિચારશે કે આમાં જેને સારી અને નરસી બાબતો કહેવામાં આવી છે તે મારા જીવનમાં કયાં કયાં છે ? મારું આચરણ પશુ સમાન છે કે સત્ પુરુષને છાજે તેવું છે. આ રીતે કરવામાં આવેલો સ્વાધ્યાય આત્માને પ્રકાશિત કરનારો દીપક છે. આ સંદર્ભમાં આત્મા પોતાનો વિચાર કરે નહિ અથવા તો પોતાની સારી કે નરસી બાબતો પર લક્ષ આપે નહીં તો એનો સ્વાધ્યાય અધૂરો છે.

આ પ્રકારના ગ્રંથ કે શાસ્ત્રના સ્વાધ્યાયથી તમારા માનસપટ પર રામ અને રાવણ, યુધિષ્ઠિર અને દુર્યોધન, કૃષ્ણ અને કંસ– એ બધાનું જીવન અંકિત થશે, એ પછી સાધકે પોતે જ પોતાના ભીતરમાં ડુબકી લગાવીને એ જોવાનું છે કે મારામાં રામનો અંશ કેટલો છે અને રાવણનો અંશ કેટલો છે ? આમાંથી હિતકર હશે તેને અપનાવશે અને અહિતકર હશે એનો ત્યાગ કરશે.

(વધુ આવતા અંકે)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રતિપાદિત મહાપુરુષોના અનુભવની સાથે સ્વજીવનના અનુભવનો તાલ મેળવવા કે તાળો મેળવવા પ્રયાસ કરે છે. આવી ગહન મથામણ અને પ્રચ્છન્નપણે ચાલતી આંતર પ્રક્રિયાથી અપૂર્વ આનંદનો અવસર જાગે છે. અંગત સ્વાનુભવ પર જ્ઞાની પુરુષોના પ્રત્યક્ષ અનુભવની મુદ્રા અંકિત થતા એના જીવનની દિશા સ્પષ્ટ થાય છે. એના અંતરદ્વાર ખુલી જાય છે. એનું આંતર વ્યક્તિત્વ આધ્યાત્મિક અનુભવના આનંદથી ખીલી ઉઠે છે. આ સ્થિતિના આનંદને બૃહદ્ ભાષ્યકારની વાણીએ કેવી પ્રસન્નતાથી વર્ણવી છે—

' जह जह सुयमोगाहइ
अइसयरसपसरसंजुयमपुव्वं ।
तह तह पल्हायइ मुणी
नव-नव-संवेग-सद्धाओ ॥"

"સ્વાધ્યાયકર્તા સાધક જેમ જેમ શાસ્ત્રોનું અવગાહન કરે છે અને એનું વધુને વધુ ઊંડું આચમન કરે છે તેમ તેમ એને અતિશય રસથી યુક્ત એવું અપૂર્વ અર્થ–જ્ઞાન પ્રાપ્ત થાય છે. વળી નવા–નવા સંવેગ (શુદ્ધ ભાવોનો પ્રવાહ) થી એ શ્રદ્ધાશીલ મુનિનો આત્મા પ્રસન્ન થાય છે."

આ વિષયમાં બૌદ્ધ સાહિત્યમાંથી મળતું એક કથાનક અત્યંત પ્રેરક છે.

કમ્બોજસમ્રાટ તિરુ-મિરુ-ની ભવ્ય રાજસભામાં એક દિવસ એક બૌદ્ધ ભિક્ષુ આવ્યો અને એણે કહ્યું, "મહારાજ, હું ત્રિપિટકાચાર્ય છું. પંદર વર્ષ સુધી સમગ્ર બૌદ્ધ જગતમાં તીર્થાટન કરીને સદ્ધર્મના ગૂઢ તત્ત્વોનું મેં રહસ્યોદ્ઘાટન કર્યું છે. હવે મારી ઇચ્છા આપના રાજ્યના મુખ્ય ધર્માચાર્ય બનવાની છે અને તેથી જ અહીં આવ્યો છું. મારી એવી ઇચ્છા છે કે કમ્બોજનું શાસન ભગવાન બુદ્ધના આદેશ અનુસાર ચાલે."

સમ્રાટ તિરુ-મિરુ ભિક્ષુની ઇચ્છા સાંભળીને સહેજ હસ્યા અને બોલ્યા, "આપની ભાવના ઉત્તમ છે અને મંગલકારી છે, પરંતુ આપને મારી એટલી વિનંતી છે કે આપ ધર્મગ્રંથોનો ફરી એક વાર સ્વાધ્યાય કરો."

આ સાંભળીને બૌદ્ધ ભિક્ષુ મનોમન ખૂબ ગુસ્સે થયો પરંતુ સમ્રાટની વિનંતીનો વિરોધ કરી શકયો નહીં. વળી મનમાં એમ પણ વિચાર્યું કે ભલે ફરીવાર બધા ધર્મગ્રંથો વાંચી જાઉં. આટલી નાનકડી વાતથી સમ્રાટ સંતુષ્ટ થતાં હોય અને ધર્માચાર્ય જેવું પ્રતિષ્ઠિત પદ આપતા હોય તો શા માટે આવો સુંદર મોકો હાથથી જવા દેવો ?

બૌદ્ધ ભિક્ષુ ધર્મગ્રંથોના સ્વાધ્યાયમાં લીન બની ગયો. સર્વ ગ્રંથોનો અભ્યાસ કરીને એ બીજા વર્ષે સમ્રાટની સામે ફરી ઉપસ્થિત થયો ત્યારે સમ્રાટે ફરી કહ્યું, "આપ ફરી એક વાર એકાંતમાં ધર્મગ્રંથોનો સ્વાધ્યાય કરો તો તે શ્રેયસ્કર બનશે."

ભિક્ષુનું મન ક્રોધથી ખળભળી ઊઠયું. સમ્રાટે કરેલું અપમાન એ સહન કરી શકયો નહીં. આખો દિવસ આમ-તેમ ભટકીને સાંજે નિર્જન એવા નદી કિનારે પહોંચ્યો. ભિક્ષુએ સાંધ્યપ્રાર્થના કરી. પ્રાર્થના પૂરી થતાં નિશ્ચય કર્યો કે હવે તો એ ખૂબ તન્મયતાથી સ્વાધ્યાય કરશે. બીજા દિવસથી જ એ સ્વાધ્યાયમાં ડૂબી ગયો. આ વખતે સ્વાધ્યાય કરતાં તેને અપૂર્વ આનંદ થયો. શબ્દો એના એ જ હતા, પણ નવા નવા અર્થ એની ચેતનામાં ચમકવા લાગ્યા. સ્વાધ્યાય એનો નિત્ય ક્રમ બની ગયો. આનંદ એની નિત્ય અનુભૂતિ થઈ ગઈ. કયારેક તો એ સ્વાધ્યાયમાં એટલો બધો ડૂબી જતો કે ભોજન કરવાનું પણ ભૂલી જતો.

એક વર્ષ પૂરું થયું. ભિક્ષુ રાજસભામાં આવ્યા નહીં સમ્રાટ ખુદ એની શોધમાં નીકળ્યા. નદી–કિનારે ભિક્ષુ મળ્યા. સમ્રાટ તિરુમિરુએ પ્રણામ કર્યા. પણ બૌદ્ધ ભિક્ષુ તો તનમનનું ભાન ગુમાવીને આનંદાતિરેકમાં ડૂબેલા હતા. ધર્માચાર્ય થવાની તેમની મહત્ત્વાકાંક્ષા ભસ્મસાત્ થઈ ચૂકી હતી. પાંડિત્યના અહંકારને સ્થાને અંતરમાં આત્મજ્ઞાનનો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મૌન એકાદશી

લેખક : મનસુખલાલ તારાચંદ મહેતા

શૌર્યપુરનગરમાં સમૃદ્ધિદત્ત નામના ધનવાન શ્રેષ્ઠિને પ્રીતિમતી નામે પત્ની હતી. તેની કુક્ષીમાં એક બાળકે જન્મ લેતાં પ્રીતિમતીને તપ-જપ-વ્રત કરવાના દોહદ ઉત્પન્ન થવા લાગ્યા. બાળકના જન્મ સમયે તેની નાળ વટવાનાં સ્થળેથી વિપુલ ધનની પ્રાપ્તિ થઈ. આ રીતે બાળક મહા ભાગ્યવાન હતો અને જન્મની સાથેસાથ જ અઢળક ધન લેતો આવ્યો. બાળક ગર્ભમાં આવતાં જ માતાને વ્રતો આચરવાનો દોહદ ઉત્પન્ન થવાના કારણે માતાપિતાએ બાળકનું નામ સુવ્રત રાખ્યું.

સુવ્રતે અનેક ધર્મશાસ્ત્રોનો સુંદર અભ્યાસ કર્યો અને યૌવનાવસ્થામાં આવતાં માતાપિતાએ અગિયાર સ્વરૂપવાન અને સદ્ગુણી કન્યાઓ સાથે તેના લગ્ન કર્યા. માતપિતા વૃદ્ધ થતાં સુવ્રત અને તેની સુશીલ પત્નીઓએ ધંધાનો અને ગૃહવ્યવસ્થાનો તમામ ભાર ઉપાડી લીધો. સુવ્રતને અગિયાર પુત્ર રત્નોની પ્રાપ્તિ થઇ અને તેની કુલ અસ્કયામતની આંકણી પણ અગિયાર ક્રોડ સૌનેયામાં થતી. આ રીતે અગિયારના આંક સાથે સુવ્રતશેઠનો સુંદર સુમેળ હતો.

કારણ વિના કોઈ કાર્ય નિપજતું નથી, તેમ અગિયાર પત્ની, અગિયાર પુત્રો અને અગિયાર ક્રોડ સૌનેયાની પ્રાપ્તિ પાછળ પણ કારણ હતું. સુવ્રતનો જીવ અગિયારમાં દેવલોકમાંથી ચ્યવીને પ્રીતિમતીની કુક્ષીમાં આવ્યો હતો. દેવલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થતાં પૂર્વેના જન્મમાં સુવ્રતના જીવે મૌન એકાદશી તપની સુંદર આરાધના કરી હતી. આ તપના પ્રભાવે જ અગિયારમાં દેવલોકનું સુખ ભોગવી મનુષ્ય યોનિમાં ફરી જન્મ લઇ પત્નીઓ, પુત્રોનો પરિવાર તેમજ અઢળક ધન પ્રાપ્ત કર્યા હતા.

એક વખતે શૌર્યપુરનગરમાં શ્રી ધર્મઘોષ નામના આચાર્ય પધાર્યા હતા. મૌન એકાદશીના પવિત્ર દિવસે તેમની પાસે વ્યાખ્યાનમાં મૌનએકાદશીનું માહાત્મ્ય સાંભળતા સાંભળતા સુવ્રતશેઠને જાતિસ્મરણ જ્ઞાન થયું, અને પૂર્વ ભવના પોતે આચરેલાં મૌન એકાદશી તપનો તાદશ ચિતાર તેની નજર સામે ખડો થયો. એ ભવમાં મળેલી અપૂર્વ રિદ્ધિ, સિદ્ધિ અને સંપત્તિ તેમજ તે પહેલાના ભવે પ્રાપ્ત થયેલાં અગિયારમાં દેવલોકનું સુખ મૌન એકાદશીના તપનું ફળ હતું તે સમજતાં સુવ્રતશેઠને વાર ન લાગી.

તે પછી તો સુવ્રતશેઠે સહકુટુંબ સાથે મૌન એકાદશી તપની ઉત્કૃષ્ટ રીતે આરાધના શરૂ કરી, દરેક માસની અગિયારસના દિવસે કુટુંબના તમામ સભ્યો રાત્રિ દિવસનો પૌષધ લઇ મૌન પાળી ધર્માચરણ કરતાં, અને અન્ય લોકો પર પણ તેની સુંદર છાપ પડી. સુવ્રતશેઠની રિદ્ધિ, સિદ્ધિ અને સંપત્તિ એ મૌન એકાદશી તપનું ફળ છે એ હકીકત જાણ્યાં પછી ઘણાં લોકોએ સુવ્રતશેઠનું અનુકરણ કરી મૌન એકાદશી તપની આરાધના શરૂ કરી.

સુવ્રતશેઠના મૌન એકાદશી તપની વાત ચારે બાજુ ફેલાઇ ગઇ, ગુણીજનો માટે જે હકીકત ધર્મ અને પુણ્યના નિમિત્તરૂપ બને છે, તે જ હકીકત કેટલીક વખત દુર્જનો માટે અધર્મ અને પાપના નિમિત્તરૂપ પણ બની જાય છે. નગરના ચોર લોકોએ સુવ્રતશેઠના આવા સુંદર વ્રતનો લાભ લઇ તેની હવેલીમાંથી ચોરી કરવાનો નિશ્ચય કર્યો. અગિયારસના દિવસે ઘરનાં તમામ સભ્યો મૌનવ્રત પાળતાં એટલે ચોરી કરવાના કાર્યમાં તે રાતે તેમને કોઇ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અટકાવી શકે અગર પકડી શકે તેમ ન હતું.

એક અગિયારસને દિવસે સુવ્રતશેઠ અને ઘરના સૌએ રાત્રિદિવસનો પૌષધ કર્યો હતો. મધ્યરાત્રિએ સૌ પોતપોતાના સંથારા પર નિદ્રા લઈ રહ્યાં હતાં. સુવ્રતશેઠને જાપનો નિયમ હતો એટલે તે જાપ કરી રહ્યા હતા. તેવામાં શેઠની હવેલીમાં ચાર ચોરોએ પ્રવેશ કર્યો અને શેઠ જુવે તેમ કબાટમાંથી જર-ઝવેરાત, રોકડનાણું અને સોના ચાંદીની પાટો કાઢી ચાર પોટકાં બાંધ્યાં. એ બધા માલની કિંમત લાખો રૂપિયા કરતાં પણ વધુ થતી હતી. શેઠને મૌનવ્રત હતું એટલે બોલવાનું તો હતું જ નહીં, પણ એ દૃશ્ય જોઈ શેઠ વિચારવા લાગ્યાં કે આ માણસોને આ રીતે ચોરી કરવાની જરૂર શા માટે ઊભી થઈ હશે?

આમ વિચારતા હશે એવામાં સુવ્રતશેઠની નજર પોતાના બગીચામાં એક કૂવો ખોદાવવાના કારણે થયેલા માટીના મોટા ઢગલા પર પડી. એક બાજુ ડુંગર જેવો મોટો ઢગલો થયો હતો ત્યારે બીજી બાજુ મોટો અને ઊંડો ખાડો થયો હતો. શેઠને લાગ્યું કે જયારે એક સ્થળે ઢગલો થાય છે ત્યારે અન્ય સ્થળે ખાડો પડે છે. કોઇને કોઇ સ્થળે ખાડો પડે તો જ અન્ય સ્થળે ઢગલો થાય છે અને આ રીતે અસમાનતા સર્જાય છે. પછી પોતાની અઢળક ધનમિલ્કત વિષે વિચારતાં સુવ્રતશેઠને થયું કે આવા મોટા પરિગ્રહના કારણે તેની હવેલીમાં ધનનો ઢગલો થયો તો ખરો, પણ બીજે ખાડો પડયા વિના કાંઈ ધનનો ઢગલો થઇ શકે નહીં. આમ જ્યાં જ્યાં ખાડાની રચના થાય છે, ત્યાં તેની આસ-પાસના લોકો પછી ચોરી, લૂટફાટ અને પાપના પંથે વળે છે.

સુવ્રતશેઠની વિચારધારા આગળ ચાલી: 'આમ એક વર્ગના લોકોને પાપના માર્ગે ધકેલવામાં અન્ય વર્ગના એટલે ધનવાન લોકો પરિગ્રહના કારણે નિમિત્તરૂપ બની જાય છે. આવી અસમાનતા વધતા લોકો વચ્ચે કલેશ, કંકાસ અને તકરારો થાય છે અને ભિન્ન ભિન્ન પક્ષો રચાય છે. દેશદેશોની પ્રજા વચ્ચેનાં યુદ્ધોનું મૂળ પણ આમાં જ રહેલું છે. સત્તા, ધન અને અધિકાર પ્રાપ્ત કરવા માટે લોકોમાં અનીતિ, લુચ્ચાઇ, ઠગાઇ અને પાપાચાર પણ પરિગ્રહના પાપમાંથી જ વધે છે.' આમ પરિ-ગ્રહ જ બધાં પાપોનું મૂળ અને સકળ વિશ્વની અશાંતિનું કારણ છે, એ ભવ્ય સત્ય સુવ્રતશેઠને તે રાતે પેલા ચોરોને ચોરી કરતાં જોઇ સમજાઇ ગયું.

આચાર્ય ધર્મઘોષસૂરિજીએ તેજ દિવસે સવા-રના વ્યાખ્યાનમાં પરિગ્રહ વિષે સમજાવતાં કહ્યું હતું કે: 'અણુમાત્ર પરિગ્રહ રાખવાથી પણ મોહકર્મની ગાંઠ દૃઢ થાય છે અને તેથી તૃષ્ણાની એવી વૃદ્ધિ થાય છે કે તેની શાંતિ માટે સમસ્ત લોકનું રાજ્ય પણ પુરું પડતું નથી. આ જગતમાં એવો કોઇ ધનવાન નથી કે જે ધન ઉપાર્જન, રક્ષણ અને વ્યયમાંથી ઉત્પન્ન થયેલ દુઃખરૂપી અગ્નિ વડે દાઝયો ન હોય, માટે હે મહાનુભાવો! જો તમે સંસારના બંધનનો નાશ કરવા ઇચ્છતા હો તો ધનના સમૂહને છોડીને મુનિઓના સમૂહને આનંદ આપનારા સંતોષરૂપી રાજ્યનો અંગીકાર કરો. ધનનો સમૂહ એ સમસ્ત ઇન્દ્રિયોના વિષયોનું તો બીજ છે પણ સમસ્ત પાપોનું મૂળ છે અને નરકાગારની ધજા છે, તેથી આવા અનર્થકારી ધનને છોડી સંતોષને અંગીકાર કરો જેથી સંસા-રની જાળ-ફાંસો કપાશે!

એક તરફ સુવ્રતશેઠની આ રીતની વિચારધારા આગળ ચાલી અને બીજી બાજુ ચોર લોકોએ પેલા પોટકા ઉપાડી હવેલીમાંથી બહાર નીકળવાની તૈયારી કરી. સુવ્રતશેઠના પરિગ્રહના બોજાનો ભાર આ ચોરલોકો કેટલાક અંશે ઓછો કરતા હતા, એટલે તેને તો ક્રોધ આવવાને બદલે આનંદ થતો હતો. પરન્તુ ચોરલોકો પોટકાં લઈ જેવા બહાર નીકળવા ગયા કે તેમને બહાર નીકળવાનું દ્વાર અલોપ થઈ ગયેલું લાગ્યું. કયા માર્ગે બહાર નીકળવું તે તેમને સૂઝે નહીં અને ફાં ફાં માર્યા કરે. પોટકાં જેવા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નીચે મૂકે કે સામેજ દ્વાર દેખાય, પણ જેવા હાથમાં ઉપાડે કે તરત જ દ્વાર અદૃશ્ય થઈ જાય અને ચારે તરફ માત્ર દિવાલ નજરે પડે. ચોર લોકો અંદરો અંદર આ કૌતુક સંબંધમાં વાત કરતા હતા. એટલે સુવ્રતશેઠ તેઓની મુશ્કેલી સમજી ગયા પણ મૌનવ્રતના કારણે તેઓ કશું બોલી શકે તેવી સ્થિતિમાં ન હતા. એમ કરતાં કરતાં પ્રભાત થયું અને ચોર લોકોને ત્યાં જોઈ તેમની આસપાસ લોકોનું ટોળું ભેગું થયું અને તેઓએ ચોરોને મુદ્દામાલ સાથે પકડી લીધાં.

પ્રભાતની આવશ્યક ધાર્મિક ક્રિયા પતાવી સુવ્રત શેઠ તો મંદિરે ગયા હતા અને પાછા આવતા તેણે ચોરોને પકડાયેલી હાલતમાં જોયાં. આ દૃશ્ય જોઈ તેનુ કોમળ હૃદય દ્રવી ઉઠયું પૌષધનો મુખ્ય હેતુ તે આરંભ પરિગ્રહને ઘટાડી તેમાંથી સદંતર મુક્ત બની પંડિત મરણની ભાવના ભાવવાનો છે, ત્યારે અહિં તો પૌષધના કારણે અન્ય માણસોને જેલમાં જવા જેવી પરિસ્થિતિ ઊભી થઈ હતી. સુવ્રતશેઠે ન્યાય અને નીતિના માર્ગે ધન પ્રાપ્ત કર્યું હતું તેથી ચોર લોકો તે ધનને ન લઇ જઇ શકયા. પરંતુ તેમ છતાં સુવ્રતશેઠને લાગ્યું કે ન્યાય અને નીતિના માર્ગે સંચય કરેલુ ધન પણ એક પ્રકારનો પરિગ્રહ જ છે. આચાર્ય ભગવંતના પરિગ્રહ વિષેના વ્યાખ્યાનમાંથી શેઠને નવી જ દૃષ્ટિ પ્રાપ્ત થઇ હતી.

સુવ્રતશેઠ વિચારવા લાગ્યા કે 'જ્યાં સુધી મારી પાસે જરૂર કરતાં વધારે ખાવાનું છે અને બીજા પાસે કશું જ નથી—જ્યાં સુધી મારી પાસે બે વસ્ત્ર છે. અને અન્ય કોઇ પાસે એક પણ વસ્ત્ર નથી, ત્યાં સુધી આ સંસારમાં હું એક પ્રકારનો પરિગ્રહીજ છું. આવા પરિગ્રહના કારણે જગતમાં ચાલતા રહેતા પાપમો હું પણ ભાગીદાર છું અને આવા ચોર અને લૂંટારાઓની ઉત્પત્તિ માટે હું તેમજ મારી જેવા અન્ય ધનવાનો પૂરેપૂરા જવાબદાર છું.'

આવા પાપમાંથી મુક્ત થઈ જવાનો સુવ્રતશેઠે દૃઢ સંકલ્પ કર્યો. માનવ જન્મ સૌથી સર્વોત્તમ ગણાય છે કારણકે માત્ર માનવમાં જ પોતાની જાતને ઓળખવાની અદ્ભુત શક્તિ રહેલી છે. આવી રીતે માનવ પોતે પોતાની જાતને ઓળખી શકે તે માટે તેને જગાડવાની જરૂર રહે છે ખરી, પરંતુ આચાર્ય ભગવંતના ઉપદેશથી સુવ્રતશેઠની નિંદ્રા ઊડી ગઈ હતી અને તેઓ જાગ્રત થઇ ગયા હતા ચોરોની આસપાસ થયેલી વિશાળ માનવ મેદનીને સુવ્રતશેઠે કહી દીધું: 'ભાઇઓ! આ લોકો ચોર નથી પણ મારા પરમમિત્રો છે, જેઓએ મને ઘોર નિંદ્રામાંથી જાગ્રત કર્યો છે આ બધો માલ તેઓ ચોરી કરીને નથી લઈ જતાં પણ મેં તેમને બક્ષિસ તરીકે આપેલ છે.'

સુવ્રતશેઠની વાત સાંભળી માનવ મેદનીના આશ્ચર્યનો પાર ન રહ્યો, અને ચોર લોકો આ વાત સાંભળી સ્તબ્ધ થઇ ગયા. સુવ્રતશેઠના આવા માનવતાભર્યા વર્તાવથી તેઓના જીવનમાં ભારે પરિવર્તન થયું અને તે દિવસથી ચોરીનો ધંધો છોડી દીધો દુષ્ટ લોકો પ્રત્યે તિરસ્કાર, ઘૃણા કે નફરત કરવાનો કશો અર્થ જ નથી. જેઓ દુષ્ટ છે તેઓ જાણતાં નથી કે પોતે ખરાબ કરે છે, અને એટલા માટે તેઓ નિર્દોષ છે. જ્ઞાની પુરુષોએ તેથી જ કહ્યું છે કે– 'જે બુરાઈ કરે છે તેને હંમેશા ક્ષમા આપવી જોઇએ, તેને પ્રેમ આપવો જોઇએ કારણ કે જગતના ખરાબમાં ખરાબ માણસમાં પણ આપણામાના દરેકનો કાંઇક અંશ રહ્યો છે. એ આપણો છે આપણે તેના છીએ આપણામાંનું કોઇ જ બીજાથી ભિન્ન નથી.' સુવ્રતશેઠે પણ आत्मवत् सर्वभूतेषु નો આવો વિશાળ અર્થ કરી પેલા ચોરોને પ્રેમ ક્ષમા-સદ્ભાવ દ્વારા જીતી લઈ દુષ્ટ પ્રવૃત્તિમાંથી તેઓને સદાને માટે મુક્ત કરાવ્યા.

પછી તો સુવ્રતશેઠે પોતાના ધન મિલકતનો મોટો ભાગ જનસમુદાયના હિતાર્થે વાપરી નાખ્યો. સુવ્રતશેઠની આવી વિલક્ષણ બુદ્ધિ તેના મૌનવ્રતના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તપને આભારી હતી. મૌનના કારણે ધ્યાનથી સતત મનન અને ચિંતન કરતા થઈ જાય છે અને તેમાંથી જે આનંદ પ્રાપ્ત થાય છે તેથી અંદરના ક્લેશો ઉત્પન્ન થઇ શકતા નથી. મૌનનો તાત્વિક અર્થ માત્ર કશું જ ન બોલવું એવો નથી, પણ મનનું અશુભ ભાવોમાં અપ્રવર્તન એ જ મૌનનો સાચો પરમાર્થ છે. ઘણી યે વાર વાણીથી જે વણસે છે, તે મૌનથી ઉધરે છે અને ત્યાં સુધી ન બોલવું અને બોલ્યા વિના ન જ ચાલે એવું હોય ત્યાં અને ત્યારે જ બોલવું. સાદું, સીધું, સરળ અને જેમાંથી બે અર્થ ન થાય તે રીતે જ એક અર્થી બોલવું. આપણા બોલવાથી કોઇનું દિલ દુભાય એવું લાગે તો ન જ બોલવું. કોઇએ સાચું કહ્યું છે કે વાણી એ રૂપુ છે અને મૌન એ સોનુ છે.

સુવ્રતશેઠને પણ મૌન વ્રતના કારણે સંસારનું મહાન સત્ય સમજાઈ ગયું અને દીક્ષા લઇ ત્યાગ-તપ-સંયમના માર્ગે કેવળ જ્ઞાન પ્રાપ્ત કરી તે જ ભવમાં મુક્તિ પ્રાપ્ત કરી. આપણા એક મહાન મુનિરાજે સાચુ જ કહ્યું છે કે:—

કાંટે કાંટે થાય વાડ, બોલે બોલે વાધે રાડ;
જાણી મૌન ધરે ગુણવંત, તે સુખ પામે અતુલ અનંત.

## સત્ય

સત્યતપા નામના એક બ્રહ્મર્ષિ થઈ ગયા છે. હંમેશા સત્ય જ બોલવું એવો તેણે નિયમ કર્યો હતો એક દિવસ તે પોતાના આશ્રમના બારણા પાસે ઊભા હતા, તે વખતે શિકારીએ ઘાયલ કરેલું એક સુવર એની પાસેથી પસાર થઇને આશ્રમમાં સંતાઈ ગયું. થોડી વાર પછી એને ઘાયલ કરનાર શિકારી સુવરની શોધ કરતો ત્યાં આવ્યો. એણે ઋષિને ત્યાં ઊભેલા જોઇને નમસ્કાર કરીને પૂછયું કે અહીં થઇને ઘાયલ થયેલું કોઈ પશુ તેમણે જતુ દીઠું? સત્યનુ જ ભાષણ કરનાર ઋષિને ધર્મસંકટ આવી પડયું, જો હા કહે, તો બિચારૂં પશુ મરી જાય છે; જો ના કહે, તો અસત્ય બોલાય છે, એટલે ઋષિએ જવાબ જ દીધો નહીં. વ્યાધે બીજી વાર પૂછયું. આમ ફરી ફરી પૂછતા ઋષિએ તેને કહ્યું કે—

"या पश्यति न सा ब्रूते या ब्रूते सा न पश्यति ।
अहो व्याध स्वकार्यार्थी किं पृच्छति पुनःपुनः ॥"

જે દેખે છે તે ( એટલે કે આંખ ) બોલી શકતી નથી અને જે બોલી શકે છે તે (એટલે કે જીભ) દેખી શકતી નથી. (એટલે કે હું તને કેવી રીતે જવાબ આપી શકું?) સ્વકાર્યની ઇચ્છાવાળા વ્યાધ! તું શા માટે ફરી ફરીને પૂછે છે?



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મન

લેખક : રતિલાલ માણેકચંદ શાહ–નડીઆદ

સમ્યગ્‌જ્ઞાન મેળવવાને કે વધારવા માટે સર્વથા બેદરકાર માનવોનું મંતવ્ય છે કે 'મન અને આત્મા એક જ છે' પરંતુ આ માન્યતા ભ્રમણાત્મક એટલા માટે છે કે જીવ ચૈતન્ય સ્વરૂપ અને મન પૌદ્‌ગલિક હોવાથી જડ છે માટે બંને એક નથી પણ સર્વથા જૂદા છે.'

જીવ અજર અમર અને અજન્મા છે. જ્યારે મન તેનાથી વિપરીત છે. જે આત્માની માફક શરીર વ્યાપી છે.

દ્રવ્ય મન અને ભાવમન એમ મનના બે ભેદ છે વિદ્યમાન ભવમાં અંતિમ સમયે ઇન્દ્રિયોની સાથે દ્રવ્ય મનની પણ સમાપ્તિ થઈ જાય છે અને ગર્ભસ્થ જીવ જ્યારે મનઃપર્યાપ્તિ દ્વારા મનની રચના કરે છે ત્યારે પુનઃ દ્રવ્ય મનનો માલિક બને છે અને ભાવેન્દ્રિયોની જેમ ભાવમન જીવની સાથે સદૈવ સહચારી હોય છે

રાગદ્વેષ મોહ પ્રમાદ આદિ કારણોને ભવભવાંતરના કરેલા કુસંસ્કારો, અપરાધો હિંસાત્મક વિચારો આદિનું સંગ્રહસ્થાન મન પાસે હોવાથી જીવની જેમ મનની પણ અનંત શક્તિઓ છે.

હવે આપણે સૂત્ર અનુસારે મનની વ્યવસ્થિતિ જાણીએ.

'મન આત્મા નથી પણ અનાત્મા છે.'

'અરૂપી નથી પણ પૌદ્‌ગલિક હોવાથી રૂપી છે.

'સચિત્ત નથી પણ અચિત્ત છે.'

'જીવરૂપ નથી પણ અજીવરૂપ છે.'

'જીવોમાં જ તેનો સદ્‌ભાવ છે, અજીવોને મન હોતું જ નથી.'

ભોગવાઈ ગયેલી કે ભોગવવાની કોઇ પણ વસ્તુના મનનની પહેલાં મન પણ હોતું નથી, પરંતુ ભુક્ત કે ભોગ્ય પદાર્થના મનનના સમયમાંજ મન હોય છે અને ત્યાર પછી તેનું ભેદન થાય છે. મનના ચાર પ્રકારો છે, તે ચાર પ્રકારની ભાષાની જેમ સમજવા.

કાય (શરીર) બાબતની વક્તવ્યતા :

શરીરની વિદ્યમાનતા હોય ત્યારે જ મન હોય છે. તેથી શરીર સંબંધી પ્રશ્ન પૂછતાં શ્રી ગૌતમસ્વામી કહે છે કે, 'હે પ્રભો! શરીરથી આત્મા ભિન્ન છે? અભિન્ન છે? એટલે કે આત્મા અને શરીર એક જ છે કે બંને જુદાં જુદાં છે? યદિ બંને એક જ હોય તો શરીરના નાશમાં જેમ હાથ, પગ, આંખ, કાન, આદિ બળીને ભસ્મ થઈ જાય છે. તેમ આત્માનો પણ નાશ થઇ જવો જોઇએ પણ તેમ થતું નથી, કદાચ થાય તો પરલોકના નાશમાં પરલોકમાં જનારનો અભાવ હોવાથી પરલોક (સ્વર્ગ–નરક આદિ)નો પણ અભાવ થશે, પણ આવું કોઈ કાળે બનતું નથી. બન્યું નથી અને બનશે નહિ.

શરીરને આત્માથી ભિન્ન માનવામાં આવે તો, શરીરથી કરાયેલાં કર્મો આત્મા સાથે સબંધિત શી રીતે થશે ? જેમ રામજી અને શામજી બંને જુદા છે. માટે રામજી પાન ચાવે તો શામજીનું મોં લાલ થઇ શકતું નથી, તેવી રીતે ખાન–પાન–મોજ આદિ શરીરે કરેલાં હોવાથી તે દ્વારા બંધાયેલું પાપ આત્માને શી રીતે લાગશે ?

જવાબમાં યથાર્થવાદી ભગવંતે કહ્યું, 'હે ગૌતમ! આત્મા શરીરરૂપ પણ છે અને તેનાથી ભિન્ન પણ છે. લોખંડનો ગોળો અને અગ્નિની જેમ બંનેમાં અભિન્નતા કારણે જ શરીર દ્વારા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કૃતકાર્યોનું સંવેદન આત્માને થાય છે, તેમ શરીરના માધ્યમથી કરાયેલાં કર્મોને લઈને આત્માને ભવાંતરમાં પણ તેનું વેદન થાય છે અને તે પ્રમાણે જીવ માત્ર કર્મોને ભોગવી રહ્યો છે, જે સૌને પ્રત્યક્ષ છે. યદિ આત્મા અને કાય (શરીર) ને સર્વથા ભિન્ન માનવામાં આવે તો કરાયેલાં કર્મોનો નાશ નહીં કરાયેલા કર્મોનો ભોગવટો આ બે દોષ લાગુ પડે છે, કેમકે કૃત્યકર્મો અવશ્યમેવ ભોકતવ્ય જ હોય છે તથા અકૃત્ય કર્મોનું વેદન કોઈ કાળે પણ થતું નથી

કેટલાક આચાર્યો 'કાય' શબ્દથી કાર્મણ શરીરનું ગ્રહણ કરે છે જેનો સંબંધ સંસારી આત્મા સાથે અભિન્ન કહ્યો છે. અને ઔદારિકાદિ શરીરની અપેક્ષાએ આત્મા ભિન્ન છે, તેનો સંગ્રહ અને નાશ થતાં વાર લાગતી નથી.

શરીર રૂપી છે કે અરૂપી ?

જવાબમાં કહેવાયું કે, 'શરીર રૂપી પણ છે અને અરૂપી પણ છે.' પૌદ્ગલિક હોવાથી અને ઔદારિકાદિ શરીરો સ્થૂલ હોવાથી પણ રૂપી છે. કાર્મણ શરીરમાં અતિ સૂક્ષ્મતા હોવાથી શરીર અરૂપી પણ છે.

શરીરમાં જ્યાં સુધી જીવ છે ત્યાં સુધી તે સચિત્ત છે, અને મૃતાવસ્થામાં અચિત્ત છે.

ઔદારિકાદિ શરીરમાં ઉચ્છ્વાસાદિ ક્રિયાઓ હોવાથી શરીર જીવસ્વરૂપ અને કાર્મણ શરીરમાં તેનો અભાવ હોવાથી અજીવસ્વરૂપ છે.

જીવોમાં કાય (શરીરાકાર) હોય છે. તેમ અજીવ એવા પુદ્ગલોમાં પણ હાથ પગ આદિ હોવાથી કાય કહેવાય છે

જીવ સંબંધ પહેલાં અને ભવિષ્યમાં પણ જેમાં જીવનો સંબંધ થવાનો છે તે મરેલાં દેડકાના ચૂર્ણમાં પણ જીવ સંબંધ છે.

પુદ્ગલોનું ગ્રહણ થવાના સમયે પણ કાયનો સદ્ભાવ છે, અને જીવ દ્વારા કાયતા કરણ રૂપ કાયનો સમય વ્યતીત થયા પછી પણ મૃત શરીરમાં કાય હોય છે.

કાય રૂપે ગ્રહણ થયા પહેલાં પણ કાયનું ભેદન દ્રવ્ય કાયની અપેક્ષાએ થાય છે, કેમકે પુદ્ગલોનો ચય અને ઉપચય પ્રતિ સમયે થતા રહે છે અને મુઠ્ઠીમાં ભરેલી રેતીની જેમ ક્ષણે ક્ષણે સરતી જાય છે તેમ શરીર ગ્રહણ કરવાના સમયે શરીરનું ભેદન થાય છે તથા કાય સમય વ્યતીત થયે કાયનો ભેદ થાય છે, પરમાત્માએ શરીર સાત કહ્યાં છે.

(૧) ઔદારિક (૨) ઔદારિક મિશ્ર
(૩) વૈક્રિય (૪) વૈક્રિય મિશ્ર
(૫) આહારક (૬) આહારિક મિશ્ર
(૭) કાર્મણ

(શ્રી ભગવતી સૂત્ર સાર સંગ્રહ ભા. ૩, શતક ૧૩, ઉદ્દેશક ૭ માં)


# શ્રી નવસ્મરણાદિ સ્તોત્ર સન્દોહનું પ્રકાશન

શ્રી નવસ્મરણાદિ સ્તોત્ર સન્દોહનું મુનિશ્રી ચરણવિજયજી મહારાજ સાહેબ દ્વારા સંપાદન કરાવી વિ. સં. ૧૯૯૨માં આ સભા તરફથી પ્રકાશન કરવામાં આવ્યું હતું. સુંદર-સુઘડ સ્પષ્ટ દેવનાગરી લિપિમાં પ્રિન્ટ હોવાથી સમગ્ર ભારતમાંથી તેની માંગણી આવતા તેનું પુનર્મુદ્રણ કરીને પ્રગટ કરેલ છે. મજબુત પ્લાસ્ટીક ક... સહીતની આ સુંદર પુસ્તિકા દરેક જૈનના ઘરમાં વસાવવા જેવી છે. કિંમત રૂા. ૭-૦૦ છે.

—: વધુ વિગત માટે લખો :—

શ્રી જૈન આત્માનંદ સભા-ખારગેઇટ, ભાવનગર-૩૬૪૦૦૧




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કુરબાનીની એક અનોખી કથા!

—મુનિ વાત્સલ્યદીપ

જ્યાં વાદળ વિનાનું આકાશ હોય છે, સૂકી ધરતી હોય છે એવા ઉત્તર ગુજરાતનું એક ગામ છે. નામ એનું વડગામડા. બનાસકાંઠાના છેવાડાનું ગામ

દુકાળો જ્યાં વારંવાર પડે છે, ધરતી, માનવી, અને પ્રાણી નિરંતર પાણી માટે તરફડે છે, કિન્તુ એ ધરતીના પુત્રો તો અનોખા છે એમના હૃદય તો હંમેશાં ભીંના જ રહે છે! કરુણાભરેલા એ માનવીઓ કોઈનું કષ્ટ નિહાળે અને કંપી ઉઠે છે.

એમ લાગે છે કે જેણે પીડા નિહાળી છે એ પીડિતને પ્રેમ કરે છે....! આ ધરતીવાસીના આ પરમાર્થની ભાવનાનાં ફૂલ આ પીડામાંથી પીસાઇને કોળ્યાં છે!

સવારની વેળા છે.

સૂરજદાદા અગ્નિ વરસાવવામાં સવારથી જ મણા રાખતા નથી.

વડગામડાના કોઇ ગ્રામીણ ઘરનાં ઓટલા ઉપર એક ભાઈ બેઠા છે, નથુશા એમનું નામ.

સવારમાં ઉઠીને સૌ પ્રથમ પ્રભુનું નામ લીધું. જન્મે જૈન હતા અને વળી સંસ્કારી હતા એટલે નવકારશીનું પચ્ચક્ખાણ કર્યું અને સમય થયો એટલે ઓટલા પર દાતણ કરવા બેઠા.

દાતણ કરતા જાય અને ચોપાસ નજર દોડાવતા રહે. પ્રેમાળ અને પ્રભાવશાળી હતા એ નથુશા. વડગામડાના આબાલવૃદ્ધ સૌના એમણે પ્રેમ પ્રાપ્ત કરેલો. સૌના સુખમાં એ સુખી અને સૌના દુ:ખમાં એ દુ:ખી વચનના નેક અને અંતરના સાચા માનવી.

નથુશાએ દૂરથી પોતાના મિત્ર મહંમદને આવતો જોયો. હંમેશનો એ ક્રમ. નથુશા દાતણ કરતા હોય અને મહંમદ ત્યાંથી પસાર થાય. નથુશા તેની સામે જુએ અને મલકે.

મહંમદ હાથમાં બંદૂક લઇને કાયમ ફરે. બહાદુર માણસ. એ જેના ખેતરનું રખોપું કરે એ સુખના ઓશિકે શિર મૂકીને નચિંત થઈ જાય.

નથુશા હંમેશાં મહંમદને જુએ મનમાં એક વિચાર આવે કે મહંમદ બંદૂક છોડી દે તો સારું! ન કરે નારાયણ. એ કદી હથિયાર ઉપાડતો તો નથી, પણ ઉપાડે તો એ વીંધ્યા વિના ન રહે!

અને કોઈની હિંસાની કલ્પનામાત્રથી નથુશા વેદનાથી હેરાન થઇ જતા હતા. એ નિરંતર આવુ વિચારતા. પણ એમને થતુ હતું કે મહંમદને એમ કહેવાય શી રીતે?

કિન્તુ આજની સવાર અનોખી ઉગી હતી નથુશાએ કહ્યું,

"કેમ છો, મહંમદ!"

મહંમદ પાસે આવ્યો અને બાજુમાં બેસી ગયો. નથુશા પ્રત્યે એને ભારે આદર. એણે હાથ જોડયા:

'સારું છે શેઠીયા! તમારી દયા જોઇએ.'

મહંમદના ગામઠી ઉચ્ચારણમાં અનોખો લહેકો હતો, નથુશાએ કહ્યું



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

"મહંમદ! આ બંદૂક તું ન રાખે તો ન ચાલે?"

'ચાલે ને!' મહંમદ હસ્યો ત્યારે એના પીળા દાંતમાંથી એનું ભોળપણ ડોકાઇ રહ્યુ: 'પણ શેઠ! હું કોઈ દિવસ આ બંદૂકનો ઉપયોગ કરતો નથી!'

નથુશાએ કહ્યું,

'ભાઇ, તું એનો ઉપયોગ કરતો નથી તે તો સાચું પણ કદીક ક્રોધ ચઢી આવે ને તું ઝાલ્યો ન રહે તો કેવી દુર્ઘટના સર્જાય!'

નથુશાના શબ્દોમાં નરી સદ્‌ભાવના હતી એ મહંમદને સ્પર્શી ગઇ. એ ઊંડા વિચારમાં ડૂબી ગયો. નથુશા અને મહંમદને આવી ગરવી વાતો કરતાં નિહાળીને થોડાંક લોકો ત્યાં એકત્રિત થઈ ગયા હતા. મહંમદ થોડીક પળો કશાક ચિંતનમાં ગરકાવ રહ્યો અને પછી તેણે જે કહ્યું, એ સાંભળીને સૌ ચમકી ગયા:

'શેઠ હું તો બંદૂક છોડી દઉં, એ મારી પ્રાણપ્રિય વસ્તુ છે હોં તો તમે શું છોડશો?'

નથુશા મૂંઝવણમાં મૂકાઈ ગયા: 'ભાઇ મારે શું છોડવાનું હોય?'

મહંમદે કહ્યું, 'શેઠ, મારી પ્રિય વસ્તુ હું ત્યજું છું, તમારી પ્રિય હોય તે છોડી દો! કબૂલ?'

નથુશાએ પળવાર પછી કહ્યુ. 'બોલ, ભાઇ તું કહે તે કબૂલ, મને જીવમાત્ર પ્રત્યે પ્રેમ છે. એને ખાતર તું કહે તેનો ત્યાગ કરું. એ વખતે ત્યાં વડગામડાના આસપાસ એકત્રિત થયેલા લોકોનો સમૂહ વધતો જતો ને સૌને આ સંવાદ સાંભળીને રમૂજ થતી હતી, ચિંતા થતી હતી. મહંમદ હવે ટટ્ટાર થયો:

'શેઠ! હું મારી બંદૂક છોડું છું, તમે તમારું ઘર છોડો!'

અને, હવામાં કંપ આવી ગયો. સૌ સ્તબ્ધ બની ગયા. નથુશા પળભર તેને તાકી રહ્યા, એ ઉભા થયા અને ઘરમાં ચાલી ગયા ને વળતી પળે મહંમદે અટ્ટહાસ્ય કર્યું: 'કેમ, શેઠ! ગભરાઇ ગયા ને?'

મહંમદનું વચન પૂર્ણ થાય તે પૂર્વે નથુશા બહાર આવ્યા. એમના મુખ પર અલૌકિક તેજ હતું.

'મહંમદ! ભાઇ! તારા કહેવાથી આ પળથી મારા ઘરનો ત્યાગ કરુ છું. અને ભાઈ તારી વાત સાચી છે, કોઈ પણ વસ્તુનો મોહ જ શા માટે રાખવો? ભાઇ....' નથુશાના નેત્રોમાં બે બુંદ ચમકતાં હતા: 'વ્હાલા ભાઇ, આજથી આ ગામનો પણ ત્યાગ કરું છું.!' હવે હું અહીંથી દૂર જઈશ, અજાણી ભૂમિમાં રહીશ. આમરણ ઉપવાસ કરીશ, ને જીવમાત્રનું ભલું થાય તેવી પ્રાર્થના કરીશ! ભાઈ, તે આજે ઘણું સારૂં કર્યું!'

અને નથુશા ચાલી નીકળ્યા ધાનેરાની દિશા ભણી. બનાસકાંઠા જિલ્લાનું એ ગામ.

વડગામડાના પ્રત્યેક માનવીના નેત્રો સજળ થઈ ગયાં. સૌએ વિનવ્યા કે આ તો ઘડીભરની વાત હતી, પાછા વળો. પણ નથુશા કહે કે, માનવીની જબાન એક હોય. આ દેશની ધરતીના સંસ્કાર જુદા છે. પ્રતિજ્ઞાને માટે મસ્તક મૂકનારા વીરલા આ ધરતીએ આપ્યા છે! ને એમણે ઉમેર્યું કે, 'હું મારી પ્રતિજ્ઞામાં એક પગલું આગળ વધું છું. હું જીવીશ ત્યાં સુધી મૌન પાળીશ.'

નથુશા ચાલી નીકળ્યા. એ ચાલતા જ રહ્યા. જે પરિચિતો મળે તે તેમને બોલાવે છે પણ નથુશા તો મૌન ચાલ્યા જાય છે. એમના અંતરના રુડા ભાવ પ્રકટે છે: ઓહ! કેવું સારું કાર્ય થયું! મહંમદ જેવો સન્મિત્ર સૌને મળજો! સૌનું ભલું થજો. આજે તો મેં જે ત્યાગ કર્યો, તે તો નાનો છે આજ સુધીમાં કેટલા મહાપુરુષો થયા છે! કેવા એ ત્યાગી અને કેવા એ કરુણાભીના!

નથુશા રુડા ભાવ રાખે છે ને ચાલતા જાય છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માર્ગમાં એમને ડુઆ ગામ આવ્યું. ડુઆમાં સુંદર જિનાલય છે. ઉંચું અને શિખરબંધી. એ જિનાલયમાં મૂળનાયક હતા શ્રી અમીઝરા પાર્શ્વનાથ. નથુશાએ એ જિન મંદિરની જાત્રા કરી અને પ્રાર્થના કરી. પ્રભુ સૌનું કલ્યાણ કરજો.'

નથુશા ધાનેરા પહોંચ્યા. એમણે આજ સુધીમાં આ ગામ જોયેલું નહીં એમણે માટે અજાણી ધરતી અને અહીંના અજાણ્યા લોકો. ધાનેરાના ઉગમણા દરવાજે એમણે ખૂણાની જગ્યા પસંદ કરી અને ત્યાં એ કાઉસ્સગ્ગની મુદ્રામાં ઉભા રહી ગયા.

ધાનેરાના પુષ્કળ લોકો એમના દર્શનાર્થે ઉમટયા એ ઊપવાસ કરે છે ને મૌન પાળે છે. પચાસ ગાઉ દૂરથી લોક દર્શનાર્થે ઊમટતું હતું. વડગામડામાં મહંમદને એમના અપૂર્વ ત્યાગની ભાળ મળી ત્યારે એ પણ દોડી આવ્યો. એણે પાછા વળવા વિનંતી કરી. કિન્તુ નથુશા તો પ્રભુનું નામ લેતા મૌન ખડા હતાં. મહંમદે તેના ચરણોમાં ઝુકીને કહ્યું :

'હે ત્યાગી શેઠ! મને ક્ષમા કરજો. તમે તો મોટા તપસ્વી નીકળ્યા! હું પણ આજથી જીવો પ્રત્યે પ્રેમ રાખીશ. માંસાહાર નહીં કરું, મારો વંશ જ પણ નહીં કરે!

થરાદ સ્ટેટના મહારાજા દોલતસિંગજી ત્યાં દોડી આવ્યા. એમણે વિરલ ત્યાગી નથુશાની અનુમોદના કરતાં કહ્યું, 'શેઠ! તમારા સ્મરણમાં પાંચસો વીઘા જમીન ગૌચર માટે અર્પણ કરું છું.'

તપસ્વી નથુશા કાળ સામે ઝઝુમતા હતા, એ ઉપવાસી હતા, બોતેર દિવસના ઉપવાસ પછી એમણે નશ્વર દેહ ત્યજયો,! સહુને જૈન ધર્મના તપ, ત્યાગનો જય પોકાર્યો.

આજથી બોતેર વર્ષ પૂર્વે થયેલાં એ તપસ્વી નથુશાની સ્મૃતિમાં ખડું થયેલું 'સ્મૃતિમંદિર' ધાનેરાના ઉગમણા દરવાજે ઉભું છે. સહું ત્યાં ભક્તિભાવના ફૂલ ચઢાવે છે. ત્યારે સહુ જીવના પ્રેમ માટે અપાયેલા એ બલિદાનનું સ્મરણ અંતરમાં પવિત્ર ભાવના પ્રકટાવે છે!

# શોકાંજલિ

(૧) શ્રીમતિ નીર્મળાબેન જયસુખલાલ શાહ ઉં. વર્ષ ૫૯ તા. ૨-૧૨-૮૯ના રોજ ભાવનગર મુકામે સ્વર્ગવાસી થયેલ છે. તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા, ધાર્મિક વૃત્તિવાળા અને મિલનસાર સ્વભાવના હતા. તેમના કુટુંબીજનો પર આવી પડેલ દુઃખમાં અમો સમવેદના પ્રગટ કરીએ છીએ. તેઓશ્રીના આત્માને પરમ શાન્તિ મળે એવા પ્રભુ પાસે પ્રાર્થના કરીએ છીએ.

* * *

શ્રી જૈન સમાજના અગ્રણી સેવાભાવી ડૉ. ભાઇલાલ મોહનલાલ બાવીસી ઉં. વર્ષ ૭૮ પાલીતાણા મુકામે તા ૨-૧૨-૮૯ના રોજ સ્વર્ગવાસ થયા છે. તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા. ધાર્મિક વૃત્તિવાળા અને મિલનસાર સ્વભાવના હતા. તેમના કુટુંબીજનો પર આવી પડેલ દુઃખમાં અમો સમવેદના પ્રગટ કરીએ છીએ. તેમજ સભામાંથી બહાર પડતા આત્માનંદ પ્રકાશનમાં ઘણી વખત લેખ પણ લખીને મોકલેલ હતા. ખુબજ સુંદર અને ઘણું જ સારૂં લખાણ લખતા હતા અને આ સભાને ખુબજ સાથ અને સહકાર આપેલ છે, તે બદલ સભા તેમનો ઋણ સ્વીકાર કરીએ છીએ. તેમના આત્માને પરમ શાન્તિ મળે એવી પ્રભુ પાસે પ્રાર્થના કરીએ છીએ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જિનવાણી

दुमपत्तद पंयडुप जहा
निवडइ राइगणाण अच्चए ।
एवं मणुयाण जीवियं
समय गोयम मा पमायए ॥

રાત્રીઓ વીતતાં જેમ વૃક્ષોનાં પાકાં, પીળાં થઇ ગયેલાં, પાદડાં આપોઆપ ખરી પડે છે, તેમજ મનુષ્યોનું જીવન ગમે ત્યારે ખરી પડનારૂં છે. માટે હે ગૌતમ! એક ક્ષણ માટે પણ પ્રમાદ ન કર,

कुसग्गे जह ओसबिदुन्ए
थोवं चिट्ठइ लम्बमाणए ।
एवं मणुयाण जीवियं
समयं गोयम मा पमायए ॥

ડાભની અણી ઉપર ઝાકળનું ટીપું પડવાની તૈયારીમાં હોય એમ લટકતું રહે છે એ જ પ્રકારે મનુષ્યોનું જીવન પણ ગમે ત્યારે ખરી પડનારૂં છે. માટે હે ગૌતમ ! એક ક્ષણ માટે પણ પ્રમાદ ન કર.

इइ इत्तरियम्मि आउए
जीवियए बहुपच्चवायए ।
विहुणाहि रयं पुरेकडं
समयं गोयम मा पमायए ॥

આ પ્રમાણે આયુષ્ય ક્ષણભંગુર છે, જીવન વિઘ્નોથી ભરેલું છે. માટે આગલા સંચિત થયેલા કુસંસ્કારોની રજને-મેલને ખંખેરી નાંખવાનો પ્રયત્ન કર. હે ગૌતમ ! એક ક્ષણ માટે પણ પ્રમાદ ન કર.

दुल्लहे खलु माणुसे भवे
चिरकालेण वि सव्वपाणिणं ।
गाढा य विवाग कम्मुणो
समयं गोयम मा पमायए ॥

તમામ પ્રાણીઓને માટે લાંબા કાળ સુધી પણ મનુષ્યનો જન્મ મળવો ખરેખર દુર્લભ છે. મેળવેલા કુસંસ્કારોનાં પરિણામો ય ઘણા ભયંકર આવે છે. માટે હે ગૌતમ એક ક્ષણ માટે પણ પ્રમાદ ન કર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Atmanand Prakash BV. G. Regd. No. 31


# દરેક લાયબ્રેરી તથા ઘરમાં વસાવવા જેવા અલભ્ય ગ્રંથો

* તારીખ ૧-૯-૮૭ થી નીચે મુજબ રહેશે. *

| સંસ્કૃત ગ્રંથો | કીંમત | ગુજરાતી ગ્રંથો | કીંમત |
|---|---|---|---|
| ત્રિશષ્ઠી શલાકા પુરુષચરિતમ્ મહાકાવ્યમ્ પર્વ ૨-૩-૪ પુસ્તકાકારે (મૂળ સંસ્કૃત) | ૫૦-૦૦ | શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨ જો | ૧૫-૦૦ |
| ત્રિશષ્ઠી શલાકા પુરુષચરિતમ્ મહાકાવ્યમ્ પર્વ ૨-૩-૪ પ્રતાકારે (મૂળ સંસ્કૃત) | ૫૦-૦૦ | શ્રી કથારત્ન કોષ ભાગ ૧લો | ૩૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૧લો | ૮૦-૦૦ | શ્રી આત્મકાન્તિ પ્રકાશ | ૫-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૨જો | ૮૦-૦૦ | શ્રી જ્ઞાનપ્રદીપ ભાગ ૧-૨-૩ સાથે લે. સ્વ. પૂ આ. શ્રી વિ. કસ્તુરસૂરીશ્વરજી | ૪૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૩જો | ૮૦-૦૦ | શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૧ | ૨૫-૦૦ |
| શ્રી નિર્વાણુ કેવલીભુક્તિ પ્રકરણુ મૂળ | ૨૫-૦૦ | ,, ,, ભાગ-૨ | ૪૦-૦૦ |
| જિનદત્ત આખ્યાન | ૧૫-૦૦ | શ્રી નવસ્મરણાદિ સ્તોત્ર | ૭-૦૦ |
| શ્રી સાધુ-સાધ્વી યોગ્ય આવશ્યક ક્રિયાસૂત્ર પ્રતાકારે | ૨૦-૦૦ | શ્રી શત્રુંજય ગિરિરાજ દર્શન | ૧૦-૦૦ |
| પ્રાકૃત વ્યાકરણુમ્ | ૫૦ ૦૦ | વૈરાગ્ય ઝરણા | ૩-૦૦ |
| **ગુજરાતી ગ્રંથો** | | ઉપદેશમાળા ભાષાંતર | ૩૦-૦૦ |
| શ્રી શ્રીપાળરાજાનો રાસ | ૪૦-૦૦ | ધર્મ કૌશલ્ય | ૫-૦૦ |
| શ્રી જાણ્યું અને જોયું | ૫ ૦૦ | પૂ૦ આગમ પ્રભાકર પુણ્યવિજયજી શ્રદ્ધાંજલિ વિશેષાંક : પાકુ બાઇન્ડીંગ | ૧૦-૦૦ |
| | | આત્મવિશુદ્ધિ | ૮-૦૦ |
| | | જૈન દર્શન મીમાંસા | ૫-૦૦ |
| | | હું અને મારી બા | ૫-૦૦ |
| | | જંબૂસ્વામિ ચરિત્ર | ૧૨-૦૦ |

લખો :- **શ્રી જૈન આત્માનંદ સભા** ખારગેઇટ, ભાવનગર. (સૌરાષ્ટ્ર)


તંત્રી : શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ.

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.

મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ, આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.

For Private And Personal Use Only